# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **રાજ્યમાં આજથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ**
2. **938 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપતાં મુખ્યમંત્રીએ કહ્યું કે મહેસાણા ફૂડ પ્રોસેસિંગ હબ બનવા અગ્રેસર**
3. **બે દિવસ દરમિયાન રાજ્યમાં ગરમીમાં વધારો થવાનો વરતારો**
4. **આજના શહિદ દિન નિમિત્તે વીર શહિદોને શ્રધ્ધાંજલી અર્પણ કરાશે.જીલ્લા સ્તરે પદયાત્રા યોજાશે**
5. **ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએસન દ્વારા હિંમતનગર ખાતે ચાલી રહેલી મહિલા લીગમાં છ ટીમો વચ્ચે રસાકસી ભર્યો મૂકાબલો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CHANA RAYADA KHARIDI

રાજ્યમાં આજથી  ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ થશે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ આ અંગેની વિગતવાર માહિતી આપતા કહ્યું હતુંકે ચણા માટે 165 અને રાયડા માટે 60 ખરીદ કેન્દ્રો કાર્યરત કરાશે.આ ખરીદીને કારણે રાજ્યના 2.96 લાખથી વધુ ખેડૂતોને લાભ થશે

## (BYTE- JITU VAGHANI)

# CM MAHESANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાને **938** કરોડ રૂપિયાના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં જ ગુજરાતમાં રૂ.**2500** કરોડથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. શ્રી પટેલે ઉમેર્યું હતું કે મહેસાણા માં ઉત્તર ગુજરાત રીજીયનની રિજનલ વાઇબ્રન્ટ સમિટમાં **3.24** લાખ કરોડના એમઓયુ જિલ્લાના ઔદ્યોગિક ભવિષ્યની ઝાંખી કરાવે છે અને હવે આ જિલ્લો ફૂડ પ્રોસેસિંગ હબ તરીકે પણ ઉભરી રહ્યો છે.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ,મુખ્યમંત્રી)

# WEATHER

પશ્ચિમ રાજસ્થાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે.પરંતુ તેની ગુજરાત પર કોઈ ખાસ અસર જોવા મળશે નહીં તેમ હવામાન વિભાગે જણાવ્યું છે.હવે રાજ્યમાં વરસાદની કોઇ શક્યતા નથી અને  આજથી બે દિવસ દરમિયાન તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી વધારો થવાની હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ શક્યતા દર્શાવી છે.

**(BYTE- PRADIP SHARMA)**

# KAMOSAMI VARSAD

કચ્છમાં ગઇકાલે સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદ થયાના અહેવાલ છે.અમારા કચ્છ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, ભુજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માવઠાની અસર જોવા મળી હતી.કુકમા, પધ્ધર, રેહા સહિતના ગામોમાં વરસાદ થયો હતો.સતત માવઠાની અસરના પગલે ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો છે

# SHAHID DIVAS

દેશની આઝાદી માટે શહિદી વ્હોરનારા વીર શિહદ ભગતસિંહ, ખુદીરામ બોઝ અને ચંદ્રશેખર આઝાદની શહિદીને યાદ કરીને આજે દેશની સાથેસાથે રાજ્યમાં શ્રધ્ધાજલીના વિવિદ કાર્યક્રમો યોજાશે.આ નિમિતે જિલ્લા કક્ષાએ પદયાત્રા યોજાશે.અને અમદાવાદ સહિતના શહેરોમાં ભગતસિંહને પુષ્પાંજલિ અર્પણ કરાશે.

જામનગરમાં પણ ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા શહીદ દિવસની પૂર્વ સંધ્યાએ શહીદ પરિવારોના સન્માન અને દેશભક્તિના ગીતોનો એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવધ મહાનુભાવો સહિત શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બાઈટ : સહદેવભાઈ ડાભી (પ્રમુખ ભાજપ યુવા મોરચા જામનગર )

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# STATE FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત સ્ટેટ વુમન્સ લીગ - **2026** ની હિંમતનગર ખાતે રમાઇ રહેલી મેચમાં છ રાજ્ય ની **6** ટીમો ભાગ લઇ છે.આ લીગ માં ભાગ લઈ રહેલ છે.ગઇકાલે રમાયેલી મેચ મા કહાની એફસી એ એઆરએ એફસી ને **3-0** થી જ્યારે અન્ય એક મેચમાં

એસએજી એફએ (આરટી) એ કહાની ને **2-0** થી પરાજય આપ્યો હતો.આ લીગમાં ચેમ્પિયન ટીમ ને ઇંડિયન વુમન્સ લીગ માં ગુજરાત સ્ટેટ તરફથી પ્રતિનિધિત્વ કરવા મળશે.

# SURENDRANAGAR-YADI

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના તમામ વોર્ડ અને વિભાગવાર ફોટાવાળી મુસદ્દારૂપ મતદારયાદી તૈયાર કરીને મુખ્ય કચેરી, ઝોનલ કચેરી તથા વોર્ડ કચેરીઓ ખાતે પ્રસિદ્ધ કરવા અંગે સુચના મળી હતી.

જે અન્વયે મદદનીશ મતદાન નોંધણી અધિકારી તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર,સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારની ફોટાવાળી મુસદ્દારૂપ મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે,આ યાદી નાગરિકોને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી,ઉત્તર ઝોન તથા દક્ષિણ ઝોનની કચેરી ખાતે જઈને જોઈ શકશે તેમ યાદીમાં જણાવાયુ છે

# PORBANDAR MADAHA PAR MELO

ભગવાન શ્રીકૃષ્ણ અને દેવી રુકમણીના પવિત્ર લગ્ન પ્રસંગના સ્મરણાર્થે યોજાતો સુપ્રસિદ્ધ માધવપુર ઘેડનો મેળો.આ વર્ષે વધુ સુવિધાજનક અને વ્યવસ્થિત રીતે યોજાવા જઈ રહ્યો છે.રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ પ્રવાસન વિભાગ દ્વારા પોરબંદર જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહીને આ આ એતિહાસિક મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું કલેક્ટર એસ. ડી. ધાનાણીએ જણાવ્યું હતું.

# AMBAJI UTSAV SAMAPAN

યાત્રાધામ અંબાજી ખાતે ચૈત્રી નવરાત્રિ નિમિત્તે આયોજિત બે દિવસીય 'અંબાજી ઉત્સવ'નું ભાવસભર વાતાવરણ વચ્ચે સમાપન થયું.રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ઉત્સવમાં બંને દિવસે મોટી સંખ્યામાં માઈભક્તો, યાત્રાળુઓ અને કલા પ્રેમીઓ ઉમટી પડ્યા હતા.

લોકગાયકોની સુરીલી રજૂઆત, પરંપરાગત રાસ-ગરબા અને લોકકલાના રંગે ચાચર ચોક નવરાત્રિના ઉમંગથી ઝળહળી ઉઠ્યો હતો.

# ARAVALLI - VANDEBHARAT TRAIN

અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે વંદેભારત ટ્રેનને સ્ટોપેજ મળ્યું છે.જેને ઉપસ્થિત મંત્રીઓ દ્વારા લીલી ઝંડી બતાવવામાં આવી હતી. નાગરિકોની માગને ધ્યાને રાખીને સાંસદમાં કરાયેલ રજૂઆત બાદ રેલવે મંત્રાલય દ્વારા શામળાજી ખાતે સ્ટોપેજ આપવામાં આવ્યું છે.આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી, સાંસદ, ધારાસભ્યો અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# SPORTS - RAJKOT

રાજકોટ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા રેલવે કર્મચારીઓ માટે 'ડીઆરએમ ટ્રોફી-2026'નું આયોજન કરવામાં આવ્યું. ડિવિઝનના વિવિધ વિભાગો માટે 5 ફેબ્રુઆરીથી 22 માર્ચ, 2026 દરમિયાન વિવિધ રમતગમત સ્પર્ધાઓ યોજાઈ.

જેમાં ક્રિકેટ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ચેસ, ફૂટબોલ, સાયકલિંગ અને એથ્લેટિક્સ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા ટીમોને ટ્રોફી અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

# TAPI-SHIBIR

તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના ભડભૂંજા મહા આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.રાજ્યકક્ષાના રમત ગમત મંત્રી ડૉ. જયરામ ગામીતે આ શિબિર ખુલ્લી મૂકતાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામ્ય અને અંત્યોદય વર્ગના નાગરિકોને ગુણવત્તાસભર અને સસ્તી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે.શિબિરમાં દિવ્યાંગ નાગરિકોને મફત વ્હીલચેર વિતરણ કરવામાં આવી હતી.ઉપરાંત,દર્દીઓને મફત દવાઓ તેમજ પોષણયુક્ત આહાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.શિબિર દરમિયાન હેલ્થ ચેકઅપ,સીકલ સેલ,એનિમિયા, આંખ,ઈએનટી, હાર્ટ ચેકઅપ,દાંતની તપાસ, બ્લડ ટેસ્ટ તેમજ સ્કિન સંબંધિત સારવાર જેવી સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવી હતી.

# PARIKRAMA

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ રમેશ મેરજા દ્વારા, નર્મદા પરિક્રમા સુવિધાઓનું સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું. ગત ૧૯ માર્ચથી પ્રારંભ થયેલી અને ૧૭ એપ્રિલ સુધી ચાલનારી 30-દિવસીય 'ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા' લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું પ્રતીક છે.આ પરિક્રમા દરમિયાન યાત્રિકોને કોઈ અગવડ ન પડે તે માટે શ્રી મેરજાએ પરિક્રમા રૂટ અને વિવિધ ઘાટની રૂબરૂ મુલાકાત લઈ સમિક્ષા કરી હતી.

# KASOTI-BHAVNAGAR

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ધોરણ **9** માં લેવાતી પ્રખરતા શોધ કસોટી **(TST)** વર્ષ **2025-26** માં ગણેશ શાળાના કુલ **48** બાળકોએ સ્થાન મેળવ્યું છે.આ પરીક્ષાનું પરિણામ ગઈકાલે પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિષ્યવૃત્તિ માટે પસંદગી પાત્ર કુલ **1035** બાળકોની યાદી પ્રસિદ્ધ કરી છે.આ પસંદગીમાં એક જ શાળાના કુલ **48** બાળકોએ સ્થાન મેળવીને અનેરી સિદ્ધિ હાંસલ કરી છે.

ગણેશ શાળા-ટીમાણા પરિવાર દ્વારા ઉચ્ચ પરિણામ લાવનાર તમામ બાળકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામા આવી હતી.